Saturday
02.11.2024
*Volume :9 * Issue No.107
*Email.:kamalamgujarat@gmail.com
* www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

# આબોહવાને સ્વચ્છ અને પ્રદૂષણરહિત બનાવવાની દિશામાં રાજ્ય સરકારનું આગેકદમ


## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ ખાતે વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરાયું





## રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ






### અમદાવાદના પીપળજ ખાતે PPP ધોરણે શરૂ કરાયેલા પ્લાન્ટમાં દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રિક ટન કચરાના નિકાલ થકી કલાકની ૧૫ મેગા વોટ વીજળી ઉત્પન્ન કરાશે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે નૂતન વર્ષ પૂર્વે અમદાવાદને સ્વચ્છ બનાવવાની દિશામાં વધુ એક ભેટ ધરતા રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદના પીપળજ ખાતે ધોરણે તૈયાર કરાયેલા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ તથા સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ તક્તી અનાવરણ બાદ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે રિબિન કાપી, બટન દબાવીને પ્લાન્ટને કાર્યાન્વિત કર્યો હતો. ત્યાર બાદ શ્રી અમિતભાઈ શાહે તેના વિવિધ વિભાગો અને કાર્યપ્રણાલી વિશે વિગતવાર માહિતી મેળવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો પણ તેમની સાથે જોડાયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાંથી રોજેરોજ નીકળતા હજારો મેટ્રિક ટન કચરો પીરાણા ખાતે ડમ્પ કરવામાં આવે છે. આ કચરાના નિકાલ માટે હવે એક કદમ આગળ વધીને મ્યુનિ. દ્વારા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ધોરણે શરૂ કરવામાં આવેલો પ્લાન્ટ શહેરને સ્વચ્છ બનાવવાની સાથે વીજળી પણ ઉત્પન્ન કરી, પર્યાવરણને બચાવવાની દિશામાં યોગદાન આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે,



### વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટના લીધે શહેરમાંથી રોજેરોજ ઉત્પન્ન થતા હજારો મેટ્રિક ટન ઘન કચરાના નિકાલ થકી ઊર્જા ઉત્પાદન અને શહેરની સ્વચ્છતા વધવાનો બેવડો ફાયદો થશે

અમદાવાદમાં પીપળજ ખાતે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ધોરણે જિંદાલ અર્બન વેસ્ટ મેનેજમેન્ટ લિમિટેડ સાથે મળીને શરૂ કરવામાં આવેલો આ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરીને ૧૫ મેગા વોટ જેટલી વીજળી ઉત્પન્ન કરશે.

પ્લાન્ટમાં મ્યુનિસિપલ સોલિડ વેસ્ટને આરડીએફ બેઈઝ માર્ટિન રિવર્સ ગ્રેટ ફાયરિંગ ટેકનોલોજીની મદદથી બોઈલરમાં મ્યુનિસિપલ વેસ્ટ ઈન્સિનરેટ કરી 65 TPH સ્ટીમ જનરેટ કરવામાં આવશે. આ સ્ટીમ વડે ટર્બાઈન મારફતે ૧૫ મેગા વોટ પ્રતિ કલાક વીજળી ઉત્પન્ન કરવામાં આવશે, જે પાવરગ્રિડમાં સપ્લાય થશે. આ પ્લાન્ટ આશરે રૂ. ૩૭૫ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટના આજના લોકાર્પણ પ્રસંગે અમદાવાદ શહેરનાં મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, રાજ્યસભા સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, લોકસભા સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, અમદાવાદના ધારાસભ્યશ્રીઓ, ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, મ્યુનિ. કમિશનર શ્રી એમ. થેન્નારસન, મ્યુનિ. કોર્પોરેશનના હોદ્દેદારો, જિંદાલ અર્બન વેસ્ટ મેનેજમેન્ટ લિમિટેડના અધિકારીઓ-પદાધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડૉ. મનસુખ માંડવિયાએ યુવાનોને રાષ્ટ્રીય યુવા પુરસ્કાર (૨૦૨૨-૨૩) માટે અરજી કરવાનો આગ્રહ કર્યો

### રાષ્ટ્રીય યુવા પુરસ્કાર (૨૦૨૨-૨૩) માટેની અરજીઓ ૧ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ સુધી ખુલ્લી રહેશે



કમલમ્,


કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ યુવા ભારતીયોને ભારતના વિકાસ અને સામાજિક પ્રગતિમાં તેમના અસાધારણ યોગદાનને બિરદાવીને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય યુવા પુરસ્કારો (એનએએ) ૨૦૨૨-૨૩ માટે અરજી કરવાનું આહ્વાન કર્યું છે. રમતગમત હોય, સમાજસેવા હોય, વિજ્ઞાન હોય કે સંશોધન હોય – વિવિધ ક્ષેત્રોમાં ભારતના યુવાનોની અજોડ ભાવનાને ઉજાગર કરતાં ડૉ. માંડવિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પુરસ્કારો માત્ર એક પ્રશંસા જ નથી, પરંતુ પ્રગતિશીલ અને સર્વસમાવેશક ભારતને પ્રોત્સાહન આપવામાં યુવા નેતૃત્વની ઉજવણી છે. યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળનાં યુવા બાબતોનાં વિભાગ, વિકાસ અને સામાજિક સેવાનાં વિવિધ ક્ષેત્રો જેવા સ્વાસ્થ્ય, માનવાધિકારોને પ્રોત્સાહન આપવા, સક્રિય નાગરિકતા, સામુદાયિક સેવા વગેરેમાં ઉત્કૃષ્ટ કામગીરી અને યોગદાન માટે વ્યક્તિઓ (૧૫-૨૯ વર્ષની વચ્ચેની વયનાં) અને સંસ્થાઓને રાષ્ટ્રીય યુવા પુરસ્કારો (એનવાયએ) પ્રદાન કરે છે. આ એવોર્ડનો હેતુ યુવાનોને રાષ્ટ્રીય વિકાસ અને સમાજ સેવાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરવા, યુવાનોને સમુદાય પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવા અને આ પ્રકારે સારા નાગરિક તરીકેની તેમની પોતાની વ્યક્તિગત ક્ષમતામાં સુધારો કરવા માટે પ્રોત્સાહિત કરવા અને સામાજિક સેવા સહિત રાષ્ટ્રીય વિકાસ માટે યુવાનો સાથે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કાર્યોને માન્યતા આપવાનો છે. ૧ નવેમ્બરથી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ સુધી ગૃહ મંત્રાલયના કોમન એવોર્ડ પોર્ટલ મારફતે રાષ્ટ્રીય યુવા પુરસ્કાર (૨૦૨૨-૨૩) માટે અરજી મંગાવવામાં આવી રહી છે. એવોર્ડ પોર્ટલની લિંક https://awards.gov.in/ છે. આ પુરસ્કારમાં એક મેડલ, એક પ્રમાણપત્ર અને વ્યક્તિગત રૂપે ૧,૦૦,૦૦૦/- રૂપિયાનું રોકડ ઈનામ અને સંસ્થાને ૩,૦૦,૦૦૦/- રૂપિયાનું રોકડ ઈનામ સામેલ છે.

## તંત્રી સ્થાનેથી......

દિવાળીના તહેવાર દરમ્યાન રાજ્યના ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોને ખાદ્યતેલ (સીંગતેલ) તથા ૩૨ લાખ રેશન કાર્ડધારક કુટુંબોને વધારાની ખાંડનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે એમ અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રાજ્ય સરકાર દ્વારા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોની ૩.૬૮ કરોડ જનસંખ્યાને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત ચાલુ માસ ઓકટોબરમાં દિવાળીના તહેવારો દરમ્યાન ઘઉં અને ચોખાનું વિનામૂલ્યે વિતરણ રાજ્યની ૧૭૦૦૦ થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતે થઈ રહ્યું છે.તેમજ રાજ્યના ૮ લાખ જેટલા અંત્યોદય અન્ન યોજનાના (A.A.Y.) કુટુંબોને પ્રતિ કાર્ડ ૧૫ કિલો ઘઉં અને ૨૦ કિલો ચોખા મળી કુલ ૩૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. રાજ્યના ૬૬ લાખ જેટલા "અગ્રતા ધરાવતા કુટુંબો" ની ( Priority House Hold – P.H.H. ) ૩.૩૨ કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં અને ૩ કિલો ચોખા મળી પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, P.H.H. કુટુંબમાં પાંચ વ્યક્તિઓ હોય તો ૧૦ કિલો ઘઉં અને ૧૫ કિલો ચોખા મળી કુલ ૨૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને દિવાળીના તહેવાર નિમિત્તો N.F.S.A. હેઠળ સમાવિષ્ટ તમામ ૭૪ લાખ કુટુંબોને ગુણવત્તાયુકત ખાદ્યતેલ (સીંગતેલ) બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડદીઠ ૧ લિટર પાઉચ રૂ.૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે વિતરણ કરવામાં આવે છે. રાજ્યના બીપીએલ અને અંત્યોદય કુટુંબો મળી કુલ ૩૨ લાખ જેટલા કુટુંબો મળવાપાત્ર ખાંડના જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ. ગ્રા. ખાંડનું અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૧૫ ના રાહતદરે તથા બી.પી.એલ કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે. રાજ્ય સરકારની યોજના હેઠળ, N.F.S.A. હેઠળના તમામ ૭૪ લાખ કુટુંબોને "અન્ન સુરક્ષા"ની સાથેસાથે પોષણયુકત પુરી પાડવા માટે પ્રોટીન સભર આહાર મળી રહે તે માટે ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૩૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે. વધુમાં, રાજ્યમાં લોકલાગણીને ધ્યાને લઈને પ્રથમવાર તેલવાળી તુવેરદાળનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, જેનો લાભાર્થીઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. રાજ્ય સરકારની યોજના હેઠળ, N.F.S.A. હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને ડબલ ફોર્ટીફાઈડ મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૧ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહેલ છે. આમ, રાજ્ય સરકાર N.F.S.A. હેઠળ સમાવિષ્ટ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી તમામ કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવા સાથે પોષણ સલામતી પણ મળી રહે તે માટે ભારત સરકાર તથા રાજ્ય સરકારની યોજનાઓનું સુચારૂ અમલીકરણ કરીને લોકો તહેવારો સારી રીતે રીતે ઉજવી શકે તે માટે સતત કાર્યરત છે.

# તહેવારોને ધ્યાનમાંરાખીને ભારતીય રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી

### અમદાવાદથી પણ અનેક ટ્રેન ઉપલબ્ધ




કમલમ્,

છઠ પૂજા સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને ભીડને નિયંત્રિત કરવા માટે ભારતીય રેલવે ૭,૦૦૦ જેટલી સ્પેશિયલ ટ્રેન દોડાવી રહી છે. ૩૧ ઓક્ટોબરના રોજ રેલવેએ ૧૫૦થી વધુ વિશેષ ટ્રેનો દોડાવી હતી. ૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૧૫૮ વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. રેલવે આ વર્ષે ૭,૨૯૬ સ્પેશિયલ ટ્રેનો ચલાવી રહી છે, જે ગયા વર્ષની ૪,૫૦૦ સ્પેશિયલ ટ્રેનો કરતા ઘણી વધારે છે.

અમદાવાદથી સ્પેશિયલ ટ્રેન

- ૧ નવેમ્બરે સાબરમતી સ્ટેશનથી હરિદ્વારની સ્પેશિયલ ટ્રેન, ટ્રેન નંબર ૦૯૪૨૫ સાંજે ૬-૪૫એ ઉપડશે. જે મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ, અજમેર, કિશનગઢ, ફુલેરા, રીંગસ, નીમ સ્ટેશન, નારનૌલ, રેવાડી, ગુરુગ્રામ, દિલ્હી કેન્ટ, દિલ્હી, ગાઝિયાબાદ, મેરઠ સિટી જંકશન, મુઝફ્ફરનગર, રુડકી જશે.
- નવેમ્બરે અમદાવાદ સ્ટેશનથી દરભંગાની સ્પેશિયલ ટ્રેન, ટ્રેન નંબર ૦૯૪૬૫ રાત્રે ૯-૨૫એ ઉપડશે. જે છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, ગુના, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, અયોધ્યા કેન્ટ, શાહગંજ, છપરા, મુઝફ્ફરપુર, સમસ્તીપુર જશે.
- ૧ નવેમ્બરે અમદાવાદ સ્ટેશનથી આગ્રા કેન્ટની સ્પેશિયલ ટ્રેન, ટ્રેન નંબર ૦૧૯૨૦ સુપરફાસ્ટ સ્પેશિયલ સાંજે ૫-૩૦એ ઉપડશે. જે આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના જંકશન, રુપબાસ, ફતેહપુર સીકરી જશે.
- ૧ નવેમ્બરે ગાંધીધામ સ્ટેશનથી ભાગલપુર સ્પેશિયલ ટ્રેન, ટ્રેન નંબર ૦૯૪૫૧ સાંજે ૬-૪૦એ ઉપડશે. જે ભચાઉ, સામખીયાળી, ધ્રાંગધ્રા, અમદાવાદ, નડિયાદ, દાહોદ, રતલામ, ભવાનમંડી,સવાઈ માધોપુર, ગંગાપુર, હિન્ડોન, બયાના, ભરતપુર, મથુરા, હાથરસ, કાસગંજ, ફરુંખાબાદ, કાનપુર, લખનઉ, ચારબાગ, ગોંડા, બસ્તી, ગોરખપુર, નરકટિયાગંજ, બેતિયા, સુગૌલી, બાપૂધામ મોતિહારી, ચકિયા, મુઝ્ફ્ફરપુર, સમસ્તીપુર, બરૌની, બેગુસરાય, મુંગેર, સુલ્તાનગંજ, ભાગલપુર જશે.
- ૧ નવેમ્બર, ૨૦૨૪ રાજકોટ ડિવિઝનમાંથી દોડતી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનોની વિગતો જોઈએ તો, ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ-બરૌની રાજકોટથી ૧૨.૫૦ વાગ્યે સ્પેશિયલ ઉપડશે.
- રેલવેએ મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા માટે વિશેષ વ્યવસ્થાઓ પણ લાગુ કરી છે, જેમાં RPF કર્મચારીઓની દેખરેખ હેઠળ ટ્રેનોમાં નિયમિત પ્રવેશનો સમાવેશ થાય છે. આ પગલાનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે મુસાફરો ટિકિટની વધુ માંગ વચ્ચે સમયસર તેમના ગંતવ્ય પર પહોંચે. દેશભરમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે કારણ કે લોકો દેશભરમાં તેમના વતન સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# ભારતીય સેનાના વિશેષ દળની ટુકડી સંયુકત કવાયત 'ગરુડ શકિત' માટે ઈન્ડોનેશિયા રવાના થઈ



કમલમ્,

ભારત-ઈન્ડોનેશિયા સંયુકત સ્પેશિયલ ફોર્સ એકસરસાઈઝ ગરુડ શક્તિ ૨૪ની ૯મી આવૃત્તિમાં ભાગ લેવા માટે ૨૫ જવાનોનો સમાવેશ કરતી ભારતીય સેનાની ટુકડી સીજંતુંગ, જકાર્તા, ઈન્ડોનેશિયા માટે રવાના થઈ છે. આ કવાયત ૧ થી ૧૨ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન હાથ ધરવામાં આવશે. ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ ધ પેરાશૂટ રેજિમેન્ટ (સ્પેશિયલ ફોર્સીસ)ના સૈનિકો દ્વારા કરવામાં આવી રહ્યું છે અને ૪૦ જવાનોવાળા ઈન્ડોનેશિયન ટુકડીનું પ્રતિનિધિત્વ ઈન્ડોનેશિયન સ્પેશિયલ ફોર્સિસ કોપાસસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગરુડ શક્તિ ૨૪ની કવાયતનો ઉદ્દેશ્ય બંને પક્ષોને એકબીજાની કાર્યપ્રણાલીઓથી પરિચિત કરાવવાનો, બંને સેનાઓના વિશેષ દળો વચ્ચે પરસ્પર સમજણ, સહકાર અને આંતરસંચાલનક્ષમતા વધારવાનો છે. આ કવાયત દ્વિપક્ષીય સૈન્ય સહયોગ વિકસાવવા અને ચર્ચાઓ અને વ્યૂહાત્મક લશ્કરી કવાયતના રિહર્સલ દ્વારા બે સેનાઓ વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે. આ કવાયતમાં વિશેષ કામગીરીનું આયોજન અને અમલીકરણ, વિશેષ દળોના કૌશલ્યોને આગળ વધારવા માટે અભિગમ, શસ્ત્રો, સાધનસામગ્રી, નવીનતાઓ, રણનીતિઓ, તકનીકો અને પ્રક્રિયાઓ અંગેની માહિતીનું આદાન-પ્રદાન સામેલ હશે. સંયુકત વ્યાયામ ગરુડ શકિત ૨૪માં સંયુકત રીતે જંગલ વિસ્તારમાં સ્પેશિયલ ફોર્સ ઓપરેશન્સ, આતંકવાદી કેમ્પો પર હુમલા અને સૈન્ય સહયોગને પ્રોત્સાહન આપવા બંને દેશોની જીવનશૈલી અને સંસ્કૃતિની સમજ મેળવવા ઉપરાંત મૂળભૂત અને એડવાન્સ વિશેષ દળોના કૌશલ્યોને એકીકૃત કરતી માન્યતા કવાયતનો પણ સમાવેશ થશે. આ કવાયત બંને ટુકડીઓને તેમના બોન્ડને મજબૂત કરવા અને શ્રેષ્ઠ પ્રયાસો શેર કરવાની તક પૂરી પાડશે. તે બે મૈત્રીપૂર્ણ રાષ્ટ્રો વચ્ચેના સહિયારા સુરક્ષા ઉદ્દેશ્યોને હાંસલ કરવા અને દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે પણ કામ કરશે.



કમલમ્,

"નવી આશા, નવો ઉમંગ, નવો ઉજાસ, નવો ઉન્માદ દિવાળીના આ પાવન પર્વે માં લક્ષ્મીજીનો વાસ સદા આપના ઘરમાં રહે. દિવાળીના મહાપાવન પર્વ નિમિત્તે વિસ્તારના ધારાસભ્યશ્રી અને ગુજરાત સરકારનાં કેબિનેટ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે પ્રતાપપુરા સ્થિત ભાજપ કાર્યાલય ખાતે વિસ્તારના મતદારો તેમજ અલગ અલગ વિસ્તારમાંથી પધારેલ મુલાકાતીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી સાથે સૌને દિવાળીના પાવન અવસરે શુભકામનાઓ પાઠવી. સાથે સંતરામપુર જૈન સમાજ દ્વારા ભગવાન મહાવીરની જૈન મંદિરથી પ્રતાપપુરા સુધી શોભાયાત્રામાં સહભાગી થવાનો અવસર પ્રાપ્ત થયો.

# શ્રી રાજેશ કુમાર સિંહે સંરક્ષણ સચિવનું પદ સંભાળ્યુ



કમલમ્,

શ્રી રાજેશ કુમાર સિંહે ૦૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીમાં સાઉથ બ્લોક ખાતે સંરક્ષણ સચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેઓ કેરળ કેડરના ૧૯૮૯-બેચના IAS અધિકારી છે, જેમણે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (સંરક્ષણ સચિવ-નિયુકત)નો ચાર્જ સંભાળ્યો હતો. ચાર્જ સંભાળતા પહેલા શ્રી રાજેશ કુમાર સિંહે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, નવી દિલ્હી ખાતે શહીદ થયેલા નાયકોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે કહ્યું, "માતૃભૂમિની સેવામાં સર્વોચ્ચ બલિદાન આપનારા આપણા બહાદુર સૈનિકોનું રાષ્ટ્ર હંમેશ માટે ઋણી રહેશે. તેમની અસાધારણ બહાદુરી અને બલિદાન ભારતને સુરક્ષિત અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માટે આપણા માટે શક્તિ અને પ્રેરણાનો સ્ત્રોત છે." અગાઉ શ્રી રાજેશ કુમાર સિંહ ૨૪ એપ્રિલ, ૨૦૨૩થી ૨૦ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના ઉદ્યોગ અને આંતરિક વ્યાપારના પ્રમોશન વિભાગના સચિવનો હવાલો સંભાળતા હતા. તે પહેલા, તેમણે પશુપાલન અને ડેરી, મત્સ્યોદ્યોગ મંત્રાલયના પશુપાલન અને ડેરી, મત્સ્યોદ્યોગ વિભાગના સચિવનું પદ સંભાળતા હતા. આ અધિકારીએ કેન્દ્ર સરકારમાં શહેરી વિકાસ મંત્રાલયમાં ડિરેકટર, વર્ક્સ અને શહેરી પરિવહન, કમિશનર (જમીન) - ડીડીએ, સંયુક્ત સચિવ - પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, સંયુકત સચિવ - કૃષિ સહકારિતા અને ખેડૂત કલ્યાણ વિભાગ અને મુખ્ય તકેદારી અધિકારી - ભારતીય ખાદ્ય નિગમ જેવા અન્ય ઘણા મહત્વના હોદ્દા સંભાળ્યા છે. તેમણે રાજ્ય સરકારમાં શહેરી વિકાસ સચિવ તરીકે અને હાલમાં જ કેરળ સરકારના નાણા સચિવ તરીકે મહત્વપૂર્ણ હોદ્દાઓ પણ સંભાળ્યા હતા. શ્રી આર.કે. સિંહ આંધ્ર પ્રદેશ કેડરના ૧૯૮૮-બેચના IAS અધિકારી શ્રી ગિરધર અરમાણેનું સ્થાન લેશે, જેઓ ૩૧ ઓકટોબર, ૨૦૨૪ના રોજ સેવામાંથી નિવૃત્ત થાયા.

# રાજયના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે વડોદરા ગ્રામ્ય પોલીસ હેડ્કવાર્ટરમાં પોલીસ પરીવાર સાથે દિવાળીની ઉજ્વણી કરી

**નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે તહેવારોમાં પણ ફરજ પર તૈનાત રહેતા પોલીસ જવાનોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી પરિવારના સભ્યોને મીઠાઈ આપી**



પ્રસંશનીય કામગીરી કરનાર પોલીસ અધિકારી-કર્મચારીઓને પ્રસંશાપત્ર આપી શ્રી વિકાસ સહાયે તેમની સેવાને બિરદાવી

કમલમ્,વડોદરા

દેશભરમાં પરિવાર તથા સ્નેહી-સબંધીઓ સાથે હળીમળીને દિવાળીની ઉજવણી થઈ રહી છે ત્યારે પોતાના પરિવાર સાથે તહેવાર મનાવવાની ઈચ્છાને દબાવીને રાજ્યના નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે ફરજ પર તૈનાત રહેનાર પોલીસ અધિકારી કર્મચારીઓ તથા તેમના પરિવારજનો સાથે આજે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે દિવાળી પર્વની ઉજવણી કરી હતી. રાજ્યના પોલીસ

**પોલીસે સંવેદનશીલ અને સકારાત્મક અભિગમ અપનાવી નાગરિકોની સેવા માટે હંમેશા તત્પર રહેવું જોઈએ: શ્રી વિકાસ સહાય**

વડા શ્રી વિકાસ સહાયે વડોદરા જીલ્લા પોલીસ હેડ ક્વાર્ટરની મુલાકાત લઈ જીલ્લા પોલીસ પરીવારના સભ્યોને મીઠાઇ તેમજ આર્શીવાદરૂપી ભેટ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યાર બાદ જીલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય તેવા પોલીસ અધિકારી-કર્મચારીઓને પ્રસંશાપત્ર આપી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. પોલીસ પરીવાર તેમજ પોલીસ અધિકારી-કર્મચારીનાઓએ સંબોધન કરતા શ્રી વિકાસ સહાયે કહ્યું હતું કે, આપણે સૌએ ગુજરાત પોલીસનું જે સૂત્ર છે 'સેવા, સુરક્ષા અને શાંતી' તે સાચા અર્થમાં ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ રહી સંવેદનશીલ અને સકારાત્મક અભિગમ અપનાવવો જોઈએ અને નાગરિકોની સેવા માટે હંમેશા તત્પર રહેવું જોઈએ. શ્રી વિકાસ સહાયે વડોદરા જીલ્લા હેડ કવાર્ટરના બેડમીન્ટન કોર્ટ, નેત્રમ કમાન્ડ એન્ડ કંટોલ રૂમ તેમજ આંગણવાડીની મુલાકાત લઈ પોલીસ પરીવારના નાના ભુલકાઓ સાથે વાર્તાલાપ કરી દિવાળીની શુભેચ્છા પાઠવી ચોકલેટ વિતરણ કરી હતી.

**વડોદરા જીલ્લા હેડ ક્વાર્ટરના બેડમીન્ટન કોર્ટ, નેત્રમ કમાન્ડ એન્ડ કંટોલ રૂમ તેમજ આંગણવાડીની મુલાકાત લઈ ડીજીપીશ્રીએ આંગણવાડીના ભૂલકાઓ સાથે વાર્તાલાપ કર્યો**

# નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના પ્રથમ છ મહિનામાં મુખ્ય ખનિજો અને બિન-ફેરસ ધાતુઓના ઉત્પાદનમાં મજબૂત વૃદ્ધિ

કમલમ્,

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રેકોર્ડ ઉત્પાદન સ્તરે પહોંચ્યા પછી, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન દેશમાં કેટલાક મુખ્ય ખનિજોના ઉત્પાદનમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. મૂલ્યની દ્રષ્ટીએ કુલ MCDR ખનિજ ઉત્પાદનમાં આયર્ન ઓરનો હિસ્સો લગભગ ૭૦% છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આયર્ન ઓરનું ઉત્પાદન ૨૭૪ મિલિયન મેટ્રિક ટન (એમએમટી) હતું. કામચલાઉ ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (એપ્રિલ-સપ્ટેમ્બર)માં આયર્ન ઓરનું ઉત્પાદન ૧૨૮ સ્સ્થી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ-સપ્ટેમ્બર)માં ૧૩૫ સ્સ્ થયું છે, જે ૫.૫%ની સારી વૃદ્ધિ દર્શાવે છે. મેંગેનીઝ ઓરનું ઉત્પાદન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ-સપ્ટેમ્બર)માં ૬.૨% વધીને ૧.૭ સ્સ્ થયું છે જે અગાઉના વર્ષના સમાન સમયગાળા દરમિયાન 1.6 MMT હતું. નોન-ફેરસ મેટલ સેકટરમાં, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ-સપ્ટેમ્બર)માં પ્રાથમિક એલ્યુમિનિયમ ઉત્પાદનમાં ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૧.૨%નો વધારો નોંધાયો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (એપ્રિલ-સપ્ટેમ્બર)માં ૨૦.૬૬ લાખ ટનથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલ-સપ્ટેમ્બર) માં વધીને ૨૦.૯૦ લાખ ટન થઈ ગયો. સમાન તુલનાત્મક સમયગાળા દરમિયાન, શુદ્ધ તાંબાનું ઉત્પાદન 2.39 LT થી2.50 LT સુધી



૪.૬% વધ્યું છે. ભારત બીજો સૌથી મોટો એલ્યુમિનિયમ ઉત્પાદક છે, રિફાઈન્ડ કોપરમાં ટોચના-૧૦ ઉત્પાદકોમાંથી એક છે અને વિશ્વમાં ચોથા સૌથી મોટા આયર્ન ઓર ઉત્પાદક છે. ચાલુ નાણાકીય વર્ષમાં આયર્ન ઓરના ઉત્પાદનમાં સતત વૃદ્ધિ વપરાશકર્તા ઉદ્યોગમાં મજબૂત માંગની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. એલ્યુમિનિયમ અને તાંબામાં વૃદ્ધિ સાથે, આ વૃદ્ધિ વલણો ઊર્જા, ઈન્ફ્રાસ્ટ્રકચર, બાંધકામ, ઓટોમોટિવ અને મશીનરી જેવા વપરાશકર્તા ક્ષેત્રોમાં સતત મજબૂત આર્થિક પ્રવૃત્તિ તરફ નિર્દેશ કરે છે.

# દિવાળીની ખરીદી કરવા નીકળેલા ૪ સભ્યોના અકસ્માતમાં મોત



કમલમ્,ચાણસ્મા

પાટણના ઠાકોર પરિવાર માટે દિવાળીનો દિવસ ગોઝારો બન્યો છે. ચાણસ્મા તાલુકામાં રામગઢ ગામ નજીક છોટા હથી અને ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. માર્ગ અકસ્માતની ઘટનામાં એક જ પરિવારનાં ચાર સભ્યોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. પરિવાર દિવાળીની ખરીદી માટે નીકળ્યો હતો અને તેમને કાળ ભરખી ગયો. પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણ ચાણસ્મા હાઈવે પર રામગઢ પાસે અલ્ટો ગાડી નંબર GJ08 BF 2949 તથા મારુતિ સુઝુકી ગાડી નંબર GJ01KT 3680 વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બંને ગાડીઓનો ખુરદો બોલાઈ ગયો હતો. આ અકસ્માતમાં એક જ પરિવારના પતિ-પત્ની તેમજ બે બાળકોના મોત નિપજ્યા છે.ભયંકર અકસ્માત થયો કે સ્થળ પર હાજર લોકોના મન પણ હચમચી ઉઠ્યા હતા. મરણચીસોથી સમગ્ર હાઈવે ગુંજી ઉઠ્યો હતો. ઠાકોર પરિવાર અલ્ટો કારમાં સવાર થઈને જઈ રહ્યો હતો. તે સમયે તેમને આ અકસ્માત નડ્યો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે જેમાં પતિ, પત્ની અને બંને બાળકોના કરુણ મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં શંભુજી જામાજી ઠાકોર ઉંમર ૩૫ વર્ષ), આશાબેન શંભુજી ઠાકોર (ઉંમર ૩૨ વર્ષ), પ્રિયાબેન શંભુજી ઠાકોર (ઉંમર ૧૦ વર્ષ) તથા વિહન શંભુજી ઠાકોર (ઉંમર ૫ વર્ષ) ના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે.આ અકસ્માતમાં બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.




# વાસદમાં રચાયો વર્લ્ડરેકોર્ડ: પાંચ હજાર લોકોએ માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડબોલ બનાવી પર્યાવરણ ક્ષેત્રે કરી અનોખી પહેલ

## બીજના ક્ષેત્રમાં ગુલામીમાંથી બહાર આવી આપણે દેશી બીજ સંરક્ષણનું કાર્ય કરવું જ પડશે - શ્રી શ્રી રવિશંકરજી









## આર્ટ ઓફ લીવીંગ ફાઉન્ડેશન દ્વારા વાસદ ખાતે ‘‘સીડ ધ અર્થ’’ કાર્યક્રમ યોજાયો

કમલમ્,આણંદ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જમીનમાં ઓર્ગેનિક કાર્બન ઘટતા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ વધતાં તેમાંથી ઉત્પન્ન થતા અન્ન, ફળ અને શાકભાજી ઝેરયુક્ત હોય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. જેને પરિણામે કેન્સર, હૃદયરોગ અને મધુપ્રમેહ જેવી બિમારીઓ વધી છે. આ બધામાંથી બચવાનો એક માત્ર ઉપાય પ્રાકૃતિક કૃષિ છે, તેમ જણાવતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ઉમેર્યું કે, ગુજરાતમાં ૧૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. રાજ્ય સરકારે મિશન મોડ પર પ્રાકૃતિક કૃષિ અભિયાન ઉપાડ્યું છે, જે ઝડપભેર આગળ વધી રહ્યું છે. વાસદ એસ.વી.આઈ.ટી. કોલેજ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરજીની હાજરીમાં પાંચ હજાર લોકો દ્વારા માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડબોલ બનાવી પર્યાવરણ ક્ષેત્રમાં અનોખી પહેલ શરૂ કરી હતી. આ એક વર્લ્ડ રેકોર્ડ છે, જેની નોંધ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં લેવાઈ હતી. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના પ્રતિનિધિ દ્વારા આ અંગેનું પ્રમાણપત્ર આર્ટ ઓફ લીવીંગના શ્રી શ્રી રવિશંકરજીને અર્પણ કરવામાં આવ્યું હતુ. આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન દ્વારા વાસદ ખાતે ‘‘સીડ ધ અર્થ’’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ હજારથી વધુ લોકો ભેગા મળીને માત્ર ૬૦ મિનિટમાં ૨.૫૦ લાખ સીડ બોલ તૈયાર કરી હરિત ભારતના નિર્માણમાં યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં બે વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા. જેમાં સૌથી વધુ સીડબોલ બનાવવાનો તથા સીડબોલ ટ્રેનો ઉપયોગ કરીને સૌથી લાંબુ સ્લોગન બનાવવાનો રેકોર્ડ નોંધાયો હતો. રાજ્યપાલ શ્રી દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુરુદેવ શ્રી રવિશંકરજીએ આધ્યાત્મિક રીતે માનવતાનો માર્ગ પ્રશસ્ત કરવા સાથે પર્યાવરણને બચાવવાનું પણ બીડું ઝડપ્યું છે. પર્યાવરણના રક્ષણ માટે મહત્તમ વૃક્ષો વાવવા જરૂરી છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે ધરતી માતાનું સ્વાસ્થ્ય બગડ્યું છે. જેને પરિણામે ધરતી માતા બિન ઉપજાઉ બની છે. એટલું જ નહીં પ્રકૃતિનું દોહન થઈ રહ્યું છે. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી નથી પરંતુ જેનાથી પર્યાવરણના બચાવ સાથે પાણીની શુદ્ધતા, ગૌ માતાનું રક્ષણ, ખેડૂતોની આવક વધવા સાથે ઝેરમુકત કૃષિ ઉત્પાદનો માનવજાતને મળી રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજયપાલશ્રીએ પ્રાકૃતિક જીવનશૈલી અપનાવી પ્રકૃતિનો સહયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે વર્લ્ડ રેકોર્ડ બદલ આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનને અભિનંદન આપ્યા હતા. રાજ્યપાલશ્રીએ સૌ નાગરિકોને દિવાળી પર્વની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજીએ દિપાવલી પર્વની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં અન્નનું ખૂબ જ મહત્વ છે, સારા અન્નનું દાન કરવામાટે સારાબીજનું હોવું પણ અત્યંત જરૂરી છે. આજે આપણો દેશ આઝાદ છે, પરંતુ બીજના ક્ષેત્રમાં આપણે હજુ ગુલામ જ છીએ. આ ગુલામીમાંથી બહાર આવવા માટે આપણે બીજના સંરક્ષણનું કાર્ય કરવું જ પડશે. તેમણે સીડબોલ બનાવવા માટે નોંધાયેલા વર્લ્ડ રેકોર્ડ બદલ સૌને અભિનંદન પાઠવતા ઉમેર્યું હતું કે, દેશી બીજને બચાવવા એ આજના સમયની તાતી જરૂરિયાત છે. આજે દુનિયામાં બોંબ દ્વારા લોકો મરી રહ્યા છે, પરંતુ આજે બનાવવા આવેલ સીડબોમ્બ એ લોકોને બચાવવા માટેનો બોમ્બ છે, તે આપણે વરસાવવાનો છે, તેમ જણાવી એમણે આ સીડબોમ્બ દ્વારા દુનિયાનું ભલું થશે તેવી કામના પણ વ્યકત કરી હતી. શ્રી શ્રી રવિશંકરજીએ દુનિયામાં પર્યાવરણની જાળવણી નથી થઈ તેના કારણે આપણે કલાઈમેટ ચેન્જનો સામનો કરી રહ્યા છીએ, તેમ જણાવતા ઉમેર્યું હતું કે, સીડબોમ્બ દ્વારા આપણે ધરતીમાં બીજારોપણ કરી પર્યાવરણની જાળવણી માટેનું કાર્ય કરવાનું છે. બીજમાં અવ્યક્ત રહેલા વૃક્ષને બીજારોપણ દ્વારા વ્યક્ત કરવાનું કાર્ય શ્રેષ્ઠતમ કાર્ય છે. શ્રી શ્રી કૃષિ સાયન્સ અને ટેકનોલોજી ટ્રસ્ટના ચેરમેન ડો. પ્રભાકર રાવે જણાવ્યું કે એસ.વી.આઈ.ટી.ના સહકારથી આજે તૈયાર કરવામાં આવેલ સીડબોલનું આગામી ચોમાસાની સીઝનમાં વાવેતર કરવામાં આવશે. કાર્યક્રમના પ્રારંભમાં એસ.વી.આઈ.ટી.ના ચેરમેન શ્રી રોનક પટેલે ઉપસ્થિત સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, એક કલાકમાં સૌથી વધુ બીજ બોલ બનાવવાનો રેકોર્ડ આજે અહીં બનાવવા આવ્યો છે. આ બીજ બોલ પર્યાવરણની જાણવણી માટે ઉપયોગી બની રહેશે, તેમ જણાવી પ્રત્યેક વ્યક્તિને પર્યાવરણ જાળવણીમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઇ પટેલ, શ્રી દેવુસિંહ ચૌહાણ, કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલિંદ બાપના, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. સી.કે. ટીંબડિયા, આર્ટ ઓફ લિવિંગના શ્રી સેજલબેન સ્વામી સહિત એસ.વી.આઈ.ટી. કોલેજના અધ્યાપકગણ, વિદ્યાર્થીઓ અને શ્રી શ્રી રવિશંકરના અનુયાયીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના જુના ગોરાડા મુકામે સંતરામપુર વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે શ્રી પી.એસ. પટેલ સાહેબનાં નિવાસ સ્થાને તેમજ કડાણા તાલુકાના લેમ્બાની વાવો મુકામે રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી રોહિતભાઈ પટેલના નિવાસ સ્થાને દિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે ગામના વડીલો, ભાઈઓ, બહેનો સાથે શુભેચ્છા મુલાકાત લીધી. આ તકે સંતરામપુર તાલુકા મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, કડાણા તાલુકા મંડળના પ્રમુખશ્રી જેન્તીભાઈ પટેલ, શ્રી સચિનભાઈ શાહ, શ્રી મણિલાલ પાંડોર સહિત પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

કડાણા તાલુકાના માલવણ ખાતે વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે મુખ્ય બજાર ખાતે દુકાનોના વેપારીઓ તેમજ નાના મોટા રોજગાર કરતા વેપારીઓ સાથે તેમજ સંતરામપુર બસ સ્ટેન્ડ ખાતે બસ ડેપોના કર્મચારીઓ અને મુસાફરો સાથે શુભેચ્છા મુલાકાત લઈ સાથે સૌને દિવાળીની શુભકામનાઓ પાઠવી. આ તકે સંતરામપુર તાલુકા મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, કડાણા તાલુકા મંડળના પ્રમુખશ્રી જેન્તીભાઈ પટેલ, શ્રી સચિનભાઈ શાહ, શ્રી મણિલાલ પાંડોર સહિત પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

પ્રકાશનું આ પર્વ આપના જીવનમાં અંધકાર દૂર કરે, પ્રકાશનો ફેલાવો થાય, સ્વપ્નો સાકાર કરે અને પરિવારમાં સુખ, સમૃદ્ધિ જળવાઈ રહે. કેબિનેટ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે પોતાના માદરે વતન સંતરામપુર તાલુકાના ભંડારા મુકામે તેમજ સંતરામપુર પોતાના નિવાસ સ્થાને પરિવાર સહ દિવાળીના પાવન અવસરે ફટાકડા ફોડી ઉજવણી કરી. સાથે સોસાયટીના નાના બાળકો સાથે દિવાળી પર્વ નિમિત્તે પ્રાચીન પરંપરા મુજબ મેરૈયા (મશાલ) પ્રગટાવ્યા.



કમલમ્,

સંતરામપુર તાલુકાના શણબાર મુકામે વિસ્તારના ધારાસભ્યશ્રી અને ગુજરાત સરકારનાં કેબિનેટ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે પાર્ટીના આગેવાન અને APMC ના વાઈસ ચેરમેનશ્રી દાનજીભાઈ ભાભોરના નિવાસ સ્થાને ઝાંપા પૂજન કર્યું તેમજ સંતરામપુર તાલુકાના હિરાપુર મુકામે શ્રી સચિનભાઈ શાહના નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત લીધી સાથે તેઓનાં સુપુત્ર ચિ. દીપના જન્મદિવસ નિમિત્તે ઉપસ્થિત રહી જન્મદિવસની શુભકામનાઓ પાઠવી. આ તકે તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, શ્રી સચિનભાઈ શાહ સહિત પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, સરપંચશ્રીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી, શ્રી અમિત શાહે ગુજરાતના સાળંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરની મુલાકાત લીધી અને પૂજા અર્ચના કરી હતી અને ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલ ૧૧૦૦ રૂમ ધરાવતા યાત્રી ભવનનું ઉદ્‌ઘાટન કર્યું



**સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી બે વર્ષ સુધી ઉજવવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો નિર્ણય માત્ર તેમના વિચારો અને સિદ્ધાંતોને પ્રોત્સાહન આપશે એટલું જ નહીં, યુવાનોને દેશ માટે સમર્પણ અને બલિદાનની પ્રેરણા પણ આપશે.**

**જ્યારે એક આદર્શ ભક્ત, આદર્શ યોદ્ધા, આદર્શ મિત્ર અને આદર્શ સંદેશવાહક આ બધા ગુણો ભગવાન શ્રી રામના ચરણોમાં સમર્પિત કરે છે, ત્યારે તે હનુમાનજી મહારાજ જેવો બની જાય છે અને અમરત્વ પ્રાપ્ત કરે છે**







- **કેન્દ્રીય ગૃહમંત્રીએ આજે દેશના પ્રથમ ગૃહ મંત્રી સરદાર પટેલને તેમની ૧૪૯મી જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી**
- **સરદાર પટેલે અખંડ અને શક્તિશાળી ભારતના નિર્માણનો પાયો નાખ્યો હતો**
- **કષ્ટભંજન દેવ હનુમાન જી મંદિર યુવાનો માટે આધ્યાત્મિકતા અને ભક્તિમાં પ્રેરણા સ્ત્રોત બનવા માટે તૈયાર છે**
- **મંદિરમાં હનુમાનજી મહારાજની મૂર્તિ ગોપાલાનંદજી મહારાજની ભક્તિ અને શક્તિ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી**

## સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે આટલું સમર્પણ, સેવાની ભાવના અને આટલો આદર ધરાવતા ગોપાલાનંદ સ્વામીજી અત્યંત નમ્ર વ્યક્તિ છે અને તેમના જેવા વ્યક્તિત્વો થોડા જ છે



કમલમ્,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરની મુલાકાત લીધી હતી અને પૂજા અર્ચના કરી હતી અને ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા ૧૧૦૦ ઓરડાઓ ધરાવતા યાત્રી ભવનનું ઉદઘાટન કર્યું હતું. શ્રી અમિત શાહે તેમના સંબોધનમાં સૌ પ્રથમ ગુજરાતની જનતાને અને દેશના તમામ નાગરિકોને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, અહીં ભવ્ય યાત્રી ભવનનું નિર્માણ થયું છે અને નરક ચતુર્દશીનાં પ્રસંગે તેનું ઉદઘાટન થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ યાત્રી ભવનને સંપૂર્ણ હરિયાળી સુવિધા તરીકે દાવો કરી શકાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દૂર-દૂરથી આવતા મુલાકાતીઓના રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી શાહે નોંધ્યું હતું કે, ૧૧૦૦થી વધારે ઓરડાઓ ધરાવતું યાત્રી ભવન આશરે રૂ. ૨૦૦ કરોડનાં ખર્ચે તૈયાર થયું છે, જે ૯ લાખ ચોરસ ફૂટ વિસ્તારને આવરી લે છે અને ફક્ત બે વર્ષમાં પૂર્ણ થયું છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, તેઓ ગોપાલાનંદજી મહારાજની ભક્તિ અને શક્તિએ જ આ મંદિરમાં ભગવાન હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આ સ્થળ ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદનું સ્થળ પણ છે. તેમણે જણાવ્યું હતું કે, ગોપાલ અને સ્વામીજી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે અપાર સમર્પણ, સેવાભાવ અને ઊંડો આદર ધરાવે છે. તે ખૂબ જ નમ્ર છે અને આવા આત્માઓ ફક્ત થોડા જ છે. તેમણે જણાવ્યું હતું કે, આ યાત્રી ભવન આવનારા ઘણાં વર્ષો સુધી પ્રવાસીઓને આશ્રય અને સેવા પણ પ્રદાન કરશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ભગવાન હનુમાનજી મહારાજના ગુણોનું વર્ણન કરવાનો પ્રયાસ કરવો એ માનવ જ હશે અને આપણા શાસ્ત્રો અનુસાર ભગવાન હનુમાનજી મહારાજ આપણા વિશ્વના સાત સજીવોમાંના એક છે. તેમણે કહ્યું હતું કે, તુલસીદાસજીએ હનુમાનજીને જ્ઞાન અને સદ્‌ગુણોનાં સાગર ગણાવ્યાં હતાં. શ્રી શાહે નોંધ્યું હતું કે જયારે એક આદર્શ ભક્ત, આદર્શ યોદ્ધા, આદર્શ મિત્ર અને આદર્શ સંદેશવાહક આ તમામ ગુણો ભગવાન શ્રી રામના ચરણોમાં સમર્પિત કરે છે, ત્યારે તેઓ હનુમાનજી મહારાજ જેવા બની જાય છે અને અમરત્વની પ્રાપ્તિ કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર યુવાનો માટે આધ્યાત્મિકતા અને ભક્તિમાં પ્રેરણાનું સ્થાન બનવા જઈ રહ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, હનુમાનજીની ઘણી મૂર્તિઓ છે, જે દરેકમાં વિવિધ ગુણો સમાયેલાં છે. શ્રી શાહે સમજાવ્યું હતું કે, જો મૂર્તિ ચતુર્મુખી (ચારમુખી) હોય, તો તે દુશ્મનોના વિનાશનું પ્રતીક છે; જો તે સંકટમોચન (મુશ્કેલીઓને દૂર કરનાર) હોય, તો તે કટોકટીમાંથી મુક્તિનો સંકેત આપે છે; જો તે દક્ષિણામુખી (દક્ષિણ તરફ મુખ) હોય, તો તે ભય અને સંકટમાંથી મુક્તિનું પ્રતિનિધિત્વ કરે છે; જો તે પંચમુખી (પાંચમુખી) હોય, તો તે આહિરાવન જેવી દુષ્ટ વૃત્તિઓથી મુક્તિ માટે પૂજાય છે; જો તે એકાદશી હોય, તો તે રાક્ષસી વૃત્તિઓથી મુક્તિનું પ્રતિનિધિત્વ કરે છે; અને જો તે કષ્ટભંજન છે, તો તે શનિ દ્વારા થતી મુશ્કેલીઓ સહિત તમામ મુશ્કેલીઓને દૂર કરવાનો સંકેત આપે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, આજે સરદાર પટેલની ૧૪૯મી જન્મજયંતી છે. તેમણે નોંધ્યું હતું કે, સરદાર પટેલ અખંડ અને શક્તિશાળી ભારતનાં નિર્માણ માટે કટિબદ્ધ છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી બે વર્ષ માટે ઉજવવાનો જે નિર્ણય લીધો છે, તેનાથી તેમનાં વિચારો અને સિદ્ધાંતોને પ્રોત્સાહન મળવાની સાથે-સાથે યુવાનોને દેશ માટે સમર્પણ અને બલિદાન માટે પ્રેરિત પણ કરવામાં આવશે.

# નમો નારાયણ એપાર્ટમેન્ટ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દિપાવલીના ઉત્સવ નિમિત્તે સ્નેહ મિલન અને લાભાર્થી મિલનનો કાર્યક્રમ યોજાયો

## મુખ્યમંત્રીશ્રીએ દિવાળીની શુભકામનાઓ આપતા સ્વચ્છતા ને પ્રાધાન્ય આપવા માટે અનુરોધ કર્યો















કમલમ્,

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ હસ્તકના ટીપી-૭, સરગાસણમાં આવેલા પ્રધાનમંત્રી આવાસ યોજના થકી નિર્માણ પામેલા "નમો નારાયણ એપાર્ટમેન્ટ"ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દિપાવલીના ઉત્સવ નિમિત્તો સ્નેહ મિલન અને લાભાર્થી મિલનનો કાર્યક્રમ યોજાયો. આ આવાસ યોજનાનું લોકાર્પણ ફેબ્રુઆરી ૨૦૨૪માં કરવામાં આવ્યું હતું. જેનો લાભ ૧૨૦૮ કુટુંબને મળ્યો છે, ત્યારે લાભાર્થીઓના પરિવારની પોતાના ઘરના ઘરમાં પહેલી દિવાળીની ઉજવણીના આનંદને બમણો કરવા મુખ્ય મંત્રીશ્રીએ તેમની સાથે મળી આજે દિવાળીની ઉજવણી કરી હતી. આ પ્રસંગે લાભાર્થીઓને મુખ્ય મંત્રીશ્રીએ દિવાળીની શુભકામનાઓ આપતા સ્વચ્છતા ને પ્રાધાન્ય આપવા માટે અનુરોધ કર્યો હતો. અને જણાવ્યું હતું કે "આ સોસાયટી આજે જેટલી સ્વચ્છ છે, તેટલી જ હંમેશા રહે અને ગાંધીનગરની સૌથી સ્વચ્છ સોસાયટી બને તે હવે આપ સૌની જવાબદારી છે". પ્રધાનમંત્રી યોજનાના લાભાર્થીઓ સાથે આ પ્રસંગે મુખ્ય મંત્રીશ્રીએ સીધો સંવાદ કર્યો હતો. જે અંતર્ગત 'નમો નારાયણ રેસીડેન્સી'ના મોનાબેન દવેએ મુખ્યમંત્રીશ્રીને આવકારતા જણાવ્યું હતું કે, "આપના આગમનથી આજે નમો નારાયણ રેસીડેન્સી જાણે અયોધ્યામાં પરિવર્તી છે." સામાન્ય વર્ગના લોકોના પોતાના ઘરમાં રહેવાના સ્વપ્નને આ યોજના થકી સાકાર બનાવવા બદલ તેમણે પ્રધાનમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે જ બીજા લાભાર્થી કલ્પનાબેન પટેલે પોતાની ખુશી વ્યકત કરતા ભાવુકતા પૂર્વક જણાવ્યું હતું કે, "હું ક્યારેય પોતાનું ઘર ના લઈ શકી હોત, ગાંધીનગરના આવા વિકસિત વિસ્તારમાં પોતાનું ઘર હોવું એ પણ એક સપના જેવું છે. બે સમય જમવાનું મળી રહે તેટલું તો કમાઈ લઈએ છીએ, પરંતુ પોતાનું ઘર એ માત્ર સપનું જ રહી જતું જો અમને આ યોજનાનો લાભ ન મળ્યો હોત. આજે માથે છત છે એટલે હું હવે મારા બાળકોના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી શકું છું." આમ જણાવતા તેમણે પ્રધાનમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપ્યા હતા. બીજા એક લાભાર્થી વિશાલભાઈ લેઉવાએ આંનદ સાથે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં જેના કારણે અમારા ઘરના ઘરનું સ્વપ્ર સાકાર થયું છે, તેવા મુખ્ય મંત્રીશ્રી આજે અમારા પોતાના ઘરમાં પહેલી દિવાળીના પ્રસંગે હાજર છે જે અમારા માટે સૌથી યાદગાર પ્રસંગ છે". આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રીએ નમો નારાયણના રહેવાસીઓને દિવાળી પર્મ નિમિત્તે મીઠાઈનું વિતરણ કરી શુભેચ્છા પાઠવી હતી. તથા સૌની સાથે મળી આતશબાજીની પણ મજા માણી હતી. દિપાવલીના આ સ્નેહ મિલન કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, મેયરશ્રી મીરાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જે પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, સચિવશ્રી હાઉસિંગ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના આર. જી ગોહિલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી જે .એન વાઘેલા તથા પૂર્વ મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, કોર્પોરેટર શ્રી ઉષાબેન ઠાકોર તથા રાજેશભાઈ પટેલ સહિત મહાનુભાવો લાભાર્થીઓને પોતાના ઘરમાં પહેલી દિવાળીની શુભેચ્છાઓ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028